ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૮૭/૨૩–૨૪/ 384 તારીખ : 26 APR 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૭/૨૩–૨૪

પ્રતિ,
**મે.નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ,**
અલી ઉદેપુર, તા.લાઠી,
જી. અમરેલી.
મો.નં– ૯૪૨૬૯ ૫૫૮૭૭.

**વિષય : મોટી રકમનું મળેલ બીલ રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો ઈ–મેઈલ તા.૨૬/૦૨/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૩–૨૪/૧૮૩ તા.૨૯/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૩–૨૪/૨૧૭ તા.૧૨/૦૩/૨૦૨૪.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૩–૨૪/૨૯૪ તા.૩૦/૦૩/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૪/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૧.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **લાઠી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૭/૨૩–૨૪** ☜

**વાદી** :– **મે. નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૨/૦૪/૨૦૨૪** ◈

**હાજર રહયા** :– **શ્રી માળવીયા રાજેશભાઈ લાલજીભાઈ** (મે. નિરાલી કોટન ઈન્ડ.ના પાર્ટનર)

**પ્રતિવાદી** :– **શ્રી આર. એન. માંડાણી,** નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, કચેરી,૧, અમરેલી.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે. નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ, મુ.અલીઉદેપુર, તા. લાઠી, જી.અમરેલીની મોટી રકમનું મળેલ બીલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૭/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૭/૨૩–૨૪/૧૮૩ તા.૨૯/૦૨/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૧/૦૩/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી ઉપસ્થિત રહેલ નથી. જેથી અન્ય તા. **૧૨/૦૪/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે. નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ વતી તેમના પાર્ટનર શ્રી માળવીયા રાજેશભાઈ લાલજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી આર. એન. માંડાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો મે. નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ, મુ.અલીઉદેપુર, તા. લાઠી, જી.અમરેલી કે જેનો મીટર નં.૦૨૦૦૪૯૮ છે તથા ગ્રાહક નંબર ૮૩૩૬૮/૦૧૦૩૬/૦ છે. નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ માં સપ્ટેમ્બર–૨૦૨૩ મા વધારાની બીલની રકમ આવેલ. આ વધારાની બીલની રકમ આવેલ જે ભરવા માટે પી.જી.વી.સી.એલ. લાઠી દવારા નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ ને કહેવામાં આવે છે.

૧.૨ સપ્ટેમ્બર–૨૦૨૩ માં જે વધારાની બીલની રકમ આવેલ છે, તેની સામે નિરાલી કોટન દવારા તા.૨૫/૦૯/૨૦૨૩ ના રોજ લેખીત અરજી લાઠી પીજીવીસીએલને કરવામાં આવેલ છે. પરંતુ લાઠી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પીજીવીસીએલ તરફથી નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ ને કોઈ પ્રકારનો ખુલાસો કરવામાં આવેલ નથી તથા ખુલાસો આપી રહેલ નથી તેમજ અમારૂ મીટર નં.૦૨૦૦૪૯૮ તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ પેપર પેક કરેલ છે.

૧.૩ આથી આ મીટર ને કંપનીમાં મોકલી MRI કરાવવા નમ્ર વિનંતી. એપ્રિલ–૨૦૨૧ તથા મે–૨૦૨૧ માં અમારૂ યુનિટ નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ કોરોના મહામારી હોવાના કારણે બંધ હોવાથી અમારા બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્ઝેકશન પણ થયેલ નથી. આપશ્રીને વિનંતી છે કે અત્યારે અમારે સીઝન હોવાથી તથા કમ્પાઉન્ડ માં ઘણો જ કપાસ પડેલ હોવાથી લાઠી પીજીવીસીએલ ને અમારૂ કનેકશન ન કાપવા સુચના આપશો.

૧.૪ નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ દવારા વીજળી બીલ નિયમીત ભરવામાં આવે છે. સપ્ટેમ્બર–૨૦૨૩ માં જે વધારાનું બીલ લાઠી પીજીવીસીએલ દવારા આપવામાં આવેલ છે, તેની વારંવાર રજુઆત કરવા છતા કોઈપણ પ્રકારનું નિવારણ લાવવામાં આવેલ નથી.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– વાદીશ્રી દવારા તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ તેઓની લેખિત રજુઆત આપેલ છે, જે નીચે મુજબ છે :–**

૧.૧ વીજજોડાણ ગ્રાહક નંબર–૮૩૩૬૮/૦૧૦૩૬/૦ જે નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ ના નામથી ચાલે છે, તે વીજજોડાણ વીજમીટર તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજ લેબ પરીક્ષણ કરવામાં આવેલ, તેમાં વીજ મીટરની ડીસ્પ્લે બંધ દર્શાવવામાં આવેલ તેમજ ખામીયુકત ડીકલેર કરવામાં આવેલ અને નાયબ ઈજનરશ્રી દવારા જણાવવામાં આવેલ કે લેબોરેટરી પરીક્ષણ થતા અમારૂ વીજમીટર ખામીયુકત હોય, તેમાં કોઈપણ માહીતી મળેલ ન હોવાથી મીટર ફોલ્ટી જાહેર થયેલ પણ જયારે એલટીએમડી મીટર ખામીયુકત હોય અને લેબ પરીક્ષણમાં કોઈપણ રીડીંગ અંગેની માહીતી ન મળે તો વીજ ઉત્પાદક મીટર બનાવતી કંપનીમાં એમ.આર.આઈ. કરાવવા માટે મોકલવું જોઈએ પરંતુ અધિકારીશ્રીઓએ એવું નહી કરતા એવરેજ બીલ આપેલ છે અને આ સમયગાળાનું અમારૂ ઔદ્યોગીક એકમ ખરેખર બંધ હતું જેથી આ એવરેજ બીલ અમને માન્ય નથી.

૧.૨ નાયબ ઈજનેરશ્રી દવારા એવું જણાવવાંમાં આવેલ છે એવું માની ન શકાય કે વીજ વપરાશ સદંતર બંધ છે આપના દવારા એવું પણ સ્વીકાર કરવામાં આવે છે કે વીજજોડાણની ક્ષમતા સામે જરૂરી કેપેસીટી ધરાવતું વીજ મીટર ઉપલબ્ધ ન હોવાથી આપનું વીજ મીટર સમયસર બદલાવેલ નહોતું તો આ વીજકચેરીની ભૂલ હોય છતાં પણ ઓડીટ દવારા આપવામાં આવેલ વાંધાનો હકીકતલક્ષી જવાબ નહી કરતા અમારી પાસે રીકવરી કાઢેલ છે, તે અમને માન્ય નથી. ઓડીટ ટીમ દવારા ગ્રાહક પક્ષે પણ વિચારવું જોઈએ.

૧.૩ પરંતુ આવુ નહી કરતા એક તરફે નિર્ણય કરી કમરતોડ એવરેજ બીલની રકમ ગ્રાહકને ફટકારવામાં આવેલ છે. ખરેખર મીટર બંધ થયા પછી અને પહેલા બંને વપરાશ ચેક કરવા જોઈએ પરંતુ નાયબ ઈજનેરશ્રીએ જણાવેલ કે જયારે મીટર ફોલ્ટી જાહેર કરવામાં આવે ત્યારે તે વીજમીટરનો છેલ્લા ૩ (ત્રણ) બીલના વપરાશની સરેરાશ ગણી જે તે મહીનાનું બીલ પાઠવવાનું હોય છે બીજી બાજુ નાયબ ઈજનેરશ્રી ના પત્ર માં

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પણ તેઓએ જણાવ્યા મુજબ આ સમય દરમ્યાન કોરોના મહામારી નું બીજું ચરણ હોય અને અમારૂ મીટર બદલાવ્યા બાદ ૨ (બે) માસ પછી લેબ પરીક્ષણ થયેલ છે. તો આવા કોરોના મહામારીના સમયમાં અમારા ઉદ્યોગ ધંધા કયાંથી ચાલુ હોય છતાં આગળના ત્રણ માસનું સરેરાશ બીલ ગણતરી કરી, અમોને સરેરાશ બીલ આપવામાં આવેલ છે જે અમોને માન્ય નથી. કારણકે અમારા એપ્રિલ માસ પછીના પાછળના ત્રણ મહીનાના બીલ જોશો તો તેના ઉપરથી પણ તમને હકીકત સામે આવશે કે આ સમય દરમ્યાન પણ અમારો વીજ વપરાશ ૨૫૦ યુનિટ ની આસપાસનો દર્શાવે છે જેથી સ્પષ્ટ થાય છે કે, આ માસમાં પણ અમારૂ ઔદ્યોગિક યુનિટ ચાલુ ન હતું છતાં એક તરફી નિર્ણય કરી અને અમોને સરેરાશ બીલ આપવામાં આવેલ છે, જે અમને મંજુર નથી.

૧.૪ આ બાબતે વિશેષ પુરાવા સ્વરૂપે કામદાર હાજરી પત્રક પણ આપવા સહમત છું તેમજ ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી ૨૦૧૨ અંતર્ગત કપાસ ખરીદી અંગેના પ્રમાણિત અહેવાલ દર્શાવતું પત્રક આ સાથે આપુ છું. તેમજ આ સમય દરમ્યાનના અમારા ઔદ્યોગીક એકમના થયેલ નાણાકીય વ્યવહાર અંગે બેંક સ્ટેટમેન્ટ પણ તમે ચેક કરી શકો છો.

૧.૫ નાયબ ઈજનેરશ્રી દવારા એવું જણાવવામાં આવે છે કે કંપનીના નિયમાનુસાર મન્થલી બીલીંગ એસેસમેન્ટ કરવા માટેનો સમય થઈ ગયેલ હોય, જે એસેસમેન્ટ તા.૦૭/૦૫/૨૦૨૧ ના રોજ થતા ફરજીયાત મીટર ચેન્જ લઈ, પછી એસેસમેન્ટ કરવાની ફરજ પડી. તે સમયે નવા મીટરના રીડીંગ ચેક કરતા વપરાશ (શુન્ય) યુનીટ હોવાથી નવા મીટર મુજબ ૦ (શુન્ય) યુનીટ અને જુના મીટરના રીડીંગ મળેલ ન હોવાથી છેલ્લે નોંધાયેલ વપરાશ મુજબના યુનીટ લેવાની ફરજ પડેલી. પરંતુ જયારે નવું બીલ આપવામાં આવ્યુ ત્યારે કચેરીના સતાધીશો દવારા આ બાબતનો ખ્યાલ રાખવો જરૂરી છે. એલટીએમડી ટેરીફ બીલ શુન્ય યુનીટ આવેલ હોય તો ત્યારે જ સ્થળ રોજકામ કરી વપરાશના આધારે યોગ્ય વપરાશ મુજબ યુનીટ ગણી ડેબીટ નાખવાના હોય છે પરંતુ પીજીવીસીએલ કચેરીના કહેવાતા અધિકારીશ્રીઓએ આ બાબતની તસ્દી લીધેલ નથી પરંતુ ઓડીટ નોટસ ના આધારે ત્રણ વર્ષ જેવા સમય બાદ તમારા દવારા ડેબીટ નાખી દેવામાં આવેલ છે, જે બાબત યોગ્ય નથી.

૧.૬ આખરે ત્રણ વર્ષ પછી આ બાબતની નોટીસ આપો છો જે ખરેખર વ્યાજબી નથી. જો ત્યારે કચેરીના જે તે જવાબદાર અધિકારશ્રીઓ દવારા સ્થળ રોજકામ કરવા આવ્યા હોય તો તે સમય ખરેખર અમારૂ ઔદ્યોગીક એકમ બંધ હતું તેની વાસ્તવીક પરિસ્થિતીનો સિતાર આપની સમક્ષ આવી ગયો હોય તેમ જ આ સમયના સીસીટીવી ફુટેજ પણ તમારી સમક્ષ રજુ કરી શકત પરંતુ સીસી ટીવી ફકત છ માસનું જ રેકોર્ડ કરવાની ક્ષમતા વાળા હોવાથી ત્રણ વર્ષ જેવા લાંબા સમયગાળા બાદ તે પણ તમને પુરાવા સ્વરૂપે આપવા માટે અમારી પાસે ડેટા ઉપલબ્ધ રહયા નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૭ ઉપરોકત વિગતે સઘળી હકીકત હોય જેથી કુદરતી ન્યાયના સિધ્ધાંત પ્રમાણે આ સમયગાળા દરમ્યાન ખરેખર કોરોના મહામારીના કારણે લોકડાઉનનો સમયગાળો હોય અને આખુ ગુજરાત જયારે લોકડાઉન ની પરિસ્થિતીમાં હોય ત્યારે અમારૂ યુનિટ કેવી રીતે ચાલુ હોય. જેથી પાછળના ત્રણ માસનું એવરેજ બીલ ગણી ધ્યાને નહી લેતા આગળના પણ જુન અને જુલાઈ માસના બીલ ધ્યાને લઈ આપેલ એવરેજ બીલની રકમ માફ કરી અમોને ન્યાય આપવા વિનંતી.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ઔદ્યોગીક હેતુના વીજજોડાણ ગ્રાહક નં.૮૩૩૬૮/૦૧૦૩૬/૦ જે નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ ના નામથી ચાલે છે તે વીજજોડાણમાં તેઓને જે ઓડીટનું બીલ પાઠવેલું છે તે બાબતે વિગતે જણાવવાનું કે, વાર્ષિક ઓડીટ વર્ષ ૨૦૨૧–૨૦૨૨ દરમ્યાન ઓડીટ ટીમ દવારા ગ્રાહકના વીજજોડાણની ફાઈલ ચેક કરતા માલુમ પડેલ કે, ગ્રાહકના વીજજોડાણનું મીટર તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ તેઓની અરજી આધારે બદલવામાં આવેલ હતું. સદર વીજમીટરની ડીસ્પ્લે બંધ હોવાથી ચેકીંગ શીટ નં.૩૧૪૧૨૯ થી મીટર બદલાવેલ હતું. સદર મીટર તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજ લેબોરેટરી પરીક્ષણ થતા ગ્રાહકનું વીજમીટર ખામીયુકત હોય તેમાં કોઈપણ માહીતી મળેલ ન હોવાથી મીટર ફોલ્ટી જાહેર થયેલ, જે બાબતે ગ્રાહકશ્રી વાકેફ છે અને તેઓએ સહમતી બાબતે સહી પણ કરેલી છે.

૨.૨ તદઉપરાંત તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ ગ્રાહકના વીજજોડાણનો વીજ વપરાશ ૨૩૦૬૨ યુનીટ નોંધાયેલ હતો અને તેમને તે મુજબનું બીલ પાઠવેલ હતું. ત્યારબાદ તા.૨૩/૦૨/૨૦૨૧ થી ગ્રાહકનો વીજ વપરાશ સદંતર બંધ છે એવુ માની શકાય નહી. ત્યારબાદ તા.૨૬/૦૪/૨૦૨૧ ના રોજ ગ્રાહકના ઔદ્યોગીક વીજજોડાણનું વીજબીલ બનાવવા માટે આવેલ પીજીવીસીએલ ના કર્મચારી દવારા જણાવેલ કે તેઓના વીજજોડાણના વીજમીટરની ડીસ્પ્લે બંધ હોય, જેથી મીટર ફોલ્ટી આપવાને બદલે તુરંત મીટર બદલવાની કાર્યવાહી ચાલુ કરી. તે દરમ્યાન ગ્રાહક દવારા કોઈ જાણ કરેલ નથી તેમ છતાં શકય બને ત્યાં સુધી મીટર સત્વરે બદલવાની કામગીરી હાથ ધરી પરંતુ ગ્રાહકના વીજજોડાણની ક્ષમતા સામે જરૂરી કેપેસીટી ધરાવતું વીજ મીટર ઉપલબ્ધ ન હોવાથી તેઓનું વીજમીટર તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ બદલાવેલ, તે દરમ્યાન કંપનીના નિયમાનુસાર મન્થલી બીલીંગ એસેસમેન્ટ કરવા માટેનો સમય થઈ ગયેલ હોય જે એસેસમેન્ટ તા.૦૭/૦૫/૨૦૨૧ ના રોજ થતા ફરજીયાત મીટર ચેન્જ લઈ પછી એસેસમેન્ટ કરવાની ફરજ પડી, તે સમયે નવા મીટરના રીડીંગ ચેક કરતાં વપરાશ ૦ (શુન્ય) યુનીટ હોવાથી નવા મીટર મુજબ ૦ (શુન્ય) યુનીટ અને જુના મીટરના રીડીંગ મળેલ ન હોવાથી છેલ્લે નોંધાયેલ વપરાશ મુજબના યુનીટ લેવાની ફરજ પડેલી.

૨.૩ કંપનીના નિયમાનુસાર મીટર ચેન્જ સ્ટેટસ અને ફોલ્ટી મીટર સ્ટેટસ બંને એકી સાથે આપી શકાય નહી તેથી ફરજીયાત ૦ (શુન્ય) યુનીટનું બીલ આપવામાં આવેલ હતું. કારણકે ગ્રાહકના વીજમીટરની ડીસ્પ્લે બંધ હોવાથી રીડીંગ મળેલા ન હોય લેબોરેટરી પરીક્ષણ બાદ જુના મીટરના વપરાયેલ વીજ યુનીટ મેળવી શકાય

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

પરંતુ લેબોરેટરી પરીક્ષણમાં મીટરના કોઈ પણ પેરામીટર પ્રાપ્ત ન થતાં એપ્રિલ–૨૦૨૧ નું બીલ (૦) શુન્ય યુનીટનું જ રહેલું જે ઓડીટ દરમ્યાન ધ્યાન પર આવતા ગ્રાહકનું વીજમીટર ફોલ્ટી જણાતાં સરેરાશ વપરાશ ગણી તેઓને ઓડીટનું બીલ પાઠવેલ છે.

૨.૪ વધુમાં જણાવવાનું કે, તા.૨૩/૦૩/૨૦૨૧ થી તા.૦૭/૦૫/૨૦૨૧ સુધીના કુલ ૪૬ દિવસનો વપરાશ (૦૦૦) શુન્ય હોય તે માનવું શકય નથી જેથી કંપનીના નિયમાનુસાર તેઓને છેલ્લા ત્રણ બીલની વપરાશ મુજબ સરેરાશ વપરાશ ગણી બીલ પાઠવેલું છે, સરેરાશ વપરાશની ગણતરી નીચે દર્શાવ્યા મુજબ છે.

માહે જાન્યુઆરી–૨૦૨૧ નો વીજ વપરાશ ૨૦૨૭૦ યુનિટનો હતો

માહે ફેબ્રુઆરી–૨૦૨૧ નો વીજ વપરાશ ૧૧૪૫૦ યુનિટનો હતો

માહે માર્ચ–૨૦૨૧ નો વીજ વપરાશ ૨૩૦૬૨ યુનિટનો હતો

આમ, ત્રણ માસના એટલે કે છેલ્લા ત્રણ વીજબીલ દરમ્યાન મળેલ વીજ યુનીટનો સરવાળો ૫૪૮૭૨ યુનીટ થાય તેને ૩ (ત્રણ) વડે ભાગાકાર કરતા સરેરાશ યુનીટ ૧૮૨૬૦ મળેલ, જેથી સરેરાશ મુજબ બીલ પાઠવેલ છે.

૨.૫ વધુમાં જણાવવાનું કે, ગ્રાહકનુ વીજજોડાણ સીઝનલ હોય તો જયારે તેઓનું ઔદ્યોગીક એકમ બંધ હોય છતાં પણ તેમાં વપરાશ જોવા મળેલ છે, એટલે કે મે–૨૦૨૧ થી ઓકટોબર–૨૦૨૧ દરમ્યાન તેમાં વીજવપરાશ નોંધાયેલ છે. વધુમાં જો વર્ષ મુજબ તુલના કરીએ તો માહે એપ્રિલ–૨૦૧૯ માં ૧૧૧૧૮ યુનીટનો વપરાશ હતો, એપ્રિલ–૨૦૨૦ માં ૨૫૬૩૭ યુનીટનો વપરાશ હતો તેમજ એપ્રિલ–૨૦૨૨ માં ૧૫૭૬૬ અને એપ્રિલ–૨૦૨૩ માં ૧૩૩૯૬ યુનીટનો વપરાશ થયેલ હોય એપ્રિલ–૨૦૨૧ માં (૦૦૦૦) વપરાશ હોય તે શકય નથી.

૨.૬ જયારે મીટર ફોલ્ટી જાહેર કરવામાં આવે ત્યારે તે વીજમીટર નો છેલ્લા ૩ (ત્રણ) બીલના વપરાશ ની સરેરાશ ગણી જે તે મહીનાનું બીલ પાઠવવાનું હોય છે. આ વિષયે ગ્રાહકને જણાવેલ હતું કે, તેઓના વીજજોડાણ ગ્રાહક નં.૮૩૩૬૮/૦૧૦૩૬/૦ મા માહે એપ્રિલ બીલ્ડ ઈન મે–૨૦૨૧ નું બીલ ૦ (શુન્ય) યુનીટનું પાઠવેલ હતું કારણકે તેઓનું વીજજોડાણ LTMD 99 KV નું હોય તેનું વીજમીટર ફોલ્ટી જાહેર કરવા માટે લેબોરેટરી પરીક્ષણ રીપોર્ટ આવ્યા પછી આગળની કાર્યવાહી થઈ શકે અને લેબોરેટરી રીપોર્ટ મુજબ ગ્રાહકનું વીજમીટર ફોલ્ટી જાહેર થતા તેઓને સરેરાશ વપરાશ મુજબ એટલે કે, જાન્યુઆરી–૨૦૨૧, ફેબ્રુઆરી–૨૦૨૧ અને માર્ચ–૨૦૨૧ ના વપરાશ થયેલ યુનીટની સરેરાશનું વીજબીલ પાઠવવાનું થતું હતું પરંતુ તે સમય દરમ્યાન કોરોના મહામારીનું બીજુ ચરણ હોય અને મીટર બદલાવ્યા બાદ ૨ (બે) માસ પછી લેબ પરીક્ષણ થયેલ હોય, જેથી સરેરાશ ગણતરી મુજબ નું બીલ પાઠવવાનું રહી ગયેલ હતું. ત્યારબાદ પીજીવીસીએલ ના વાર્ષિક ઓડીટ દરમ્યાન સદર બાબત ધ્યાન પર આપેલ હોય કંપનીના નિયમાનુસાર ગ્રાહકને ઓડીટ મુજબ થતું બીલ પાઠવેલ છે, સદર બીલ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મે. નિરાલી કોટન ઈન્ડસ્ટ્રીઝ, મુ. અલીઉદેપુર, તા.લાઠી ગ્રાહક નં.૮૩૩૬૮/૦૧૦૩૬/૦ થી ૯૨ KW નું L.T.M.D. વીજ કનેકશન ધરાવે છે અને પ્રતિવાદી પીજીવીસીએલ દવારા સપ્ટેમ્બર–૨૦૨૩ નું આપવામાં આવેલ મોટી રકમના બીલ સામે વાંધો હોય, ફોરમ ને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે તા.૨૧/૦૩/૨૦૨૪ ના રોજ પ્રથમ સુનવણી રાખવામાં આવેલ, જેમાં વાદી હાજર રહી શકેલ નહી. પ્રતિવાદીએ જવાબ રજુ કરેલ. આજરોજ તા.૧૨/૦૪/૨૦૨૪ ની બીજી મુદત માં વાદી અને પ્રતિવાદી એ લેખિત તેમજ મૌખિક રજુઆતો કરેલ છે. પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદીની મીટર બદલવાની અરજીને આધારે તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ મીટર બદલવામાં આવેલ, જેનું લેબ પરીક્ષણ તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજ કરવામાં આવતાં ડીસ્પ્લે બંધ જણાતાં, ખામીયુકત જાહેર કરવામાં આવેલ. મીટરનો MRI આવી શકેલ નહી અને મીટર લેબોરેટરીના રીપોર્ટ પ્રમાણે ફોલ્ટી જાહેર થવાના સમયે '૦' યુનીટનું બીલ આપવામાં આવેલ, જયારે કે ખરેખર જે તે સમયે જ એવરેજ બીલ આપવાપાત્ર થતું હતું.

૩.૩ પરંતુ પ્રતિવાદી દવારા તે કાર્યવાહી સમયસર ન કરતાં પ્રતિવાદીની ઓડીટ ટીમ દવારા જાન્યુ.–૨૦૨૧, ફેબ્રુ.–૨૦૨૧ અને માર્ચ–૨૦૨૧ ના વપરાશની એવરેજ કાઢી ૧૮૨૬૦ યુનીટનું એવરેજ બીલ વાદીને સપ્ટેમ્બર–૨૦૨૩ માં આપવામાં આવેલ છે.

૩.૪ વાદી દવારા સદરહુ સમયગાળા દરમ્યાન કોરોના કાળ ચાલુ હોય, તેમનું યુનીટ બંધ હોવા અંગેની રજુઆત કરી તેમની તા.૧૨/૦૪/૨૦૨૪ ની બીજી રજુઆત દવારા પણ આપવામાં આવેલ ઓડીટ બીલ રદ કરવા વિનંતી કરેલ છે. વાદીશ્રી દવારા રૂબરૂ રજુઆતમાં જણાવેલ છે કે, જે તે સમયે તેઓને કોરોના થયેલ જેની સારવાર લીધેલ છે. તેમજ ૦ યુનીટના બીલ બાબતે મે ઓફીસનો કોન્ટેકટ કરેલ કેમ કે બીલ મોડું મળ્યુ હતું. તેમજ પહેલી એપ્રિલથી મે સુધી સંપુર્ણ બંધ હતું ત્યારબાદ થોડો વપરાશ હશે.

૩.૫ કેસ અંગે રજુ થયેલ દસ્તાવેજો, બીલીંગ હીસ્ટ્રી, લેબ રીપોર્ટ વગેરે દસ્તાવેજો ને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દવારા પાર્ટીનું મીટર સમયમર્યાદામાં બદલી આપેલ નથી તેમજ વાદીને આપવામાં આવેલ એવરેજ બીલમાં પણ વાદીનું યુનીટ બંધ હોવાના સમયને વપરાશનો સમય દર્શાવી તે મુજબનું બીલ આપવામાં આવેલ હોય, રદ થવા પાત્ર છે.

૩.૬ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદી ને આપેલ ૧૮૨૬૦ યુનીટનું એવરેજ બીલ રદ કરી, તા.૨૨/૦૩/૨૦૨૧ થી તા.૩૦/૦૩/૨૦૨૧ સુધીના સમયના ૮ દિવસના એવરેજ યુનીટ ૪૮૭૨ તેમજ મીટર બદલ્યા પછીના ૩ મહીનાનું એવરેજ ૨૯૫ + ૪૮૬ + ૪૯૭ = ૧૨૨૮ / ૯૦ દિવસ = ૧ દિવસનું ૧૩ પ્રમાણે એટલે કે તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૦૭/૦૫/૨૦૨૧ સુધીના દિવસો નું ૧૩ યુનીટ મુજબની ગણતરી કરી, વાદીને બીલ આપવું, જે વાદીએ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ અને ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
(..............)
**ટૈકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૨/૦૪/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar